| | | |
|---|---|---|
| GJKH040002082023 | सत्यमेव जयते | કેસ દાખલ થયા તા.૧૮.૦૩.૨૦૨૩<br>કેસ રજી.થયા તા.૧૮.૦૩.૨૦૨૩<br>કેસ ફેંસલ તા.૨૫.૦૩.૨૦૨૬<br>સમયગાળો : વર્ષ, માસ, દિવસ<br>૦૩–૦૦–૦૭ |

## –: નમુનો–અ :–

| |
|---|
| **માતરના જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફસ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટ સમક્ષ,<br>મુ.માતર.<br>ચુકાદાની તારીખ: ૨૫–૦૩–૨૦૨૬<br>ફોજદારી કેસ નં.૧૪૧–૨૦૨૩<br>આંક–** |
| **ગુનાની વિગત** |

| | |
|---|---|
| ગુનાની કલમ | ભારતીય દંડ સંહિતાની કલમ–૨૭૯, ૩૩૭, ૩૩૮ તથા મો.વી. એકટની કલમ–૧૭૭, ૧૮૪ મુજબ |
| પ્રથમ માહીતી અહેવાલ નંબર | ફ.ગુના રજી.નં.૧૧૨૦ ૪૦૩૩ ૨૩૦ ૦૦૮/૨૦૨૩ |
| પોલીસ સ્ટેશન | લીંબાસી, તા.માતર, જી.ખેડા |
| ફરીયાદપક્ષ | સરકારશ્રી |
| રજુઆત | વિ.એ.પી.પી.શ્રી એન.એન.શેઠ |
| આરોપી પક્ષ | અમૃતભાઈ ઉર્ફે અમો બબુભાઈ પરમાર, રહે.માલાવાડા ટેકરાવાળુ ફળીયુ, તા.માતર, જી.ખેડા. |
| રજુઆત | વિ.વ.શ્રી બી.જી.પરમાર |

## –: નમુનો–બ :–

| | |
|---|---|
| ગુન્હાની તારીખ | ૧૩–૦૧–૨૦૨૩ |
| પ્રથમ માહીતી અહેવાલની તારીખ | ૧૪–૦૧–૨૦૨૩ |
| આખરી અહેવાલની તારીખ | ૧૮–૦૩–૨૦૨૩ |
| પ્લી/તહોમતની તારીખ | ૨૪–૦૭–૨૦૨૩ |
| પુરાવો શરુ થયાની તારીખ | ૦૧–૦૧–૨૦૨૫ |
| ચુકાદા માટે રાખવાની તારીખ | – |

**જયુડી.મેજી.ફ.ક.માતર** **(નરેન્દ્રકુમાર)**

**કોડ:જીજે.૦૧૪૪૦**

| | |
|---|---|
| ચુકાદાની તારીખ | ૨૫–૦૩–૨૦૨૬ |
| સજા હુકમની તારીખ(લાગુ પડે તો) | લાગુ પડતુ નથી. |

**:: આરોપીની વિગત ::**

| આરોપી નો અનુક્રમ | આરોપીનુ નામ | ધરપકડની તારીખ | જામીન મુકિત તારીખ | તહોમત | શુ નિર્દોષ છોડયા / સજા કરી | કરવામાં આવેલ સજા | સુનાવણી દરમ્યાન અટકાયતનો સમયગાળો CRPC–428 મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| ૦૧ | અમૃતભાઇ ઉર્ફે અમો બબુભાઇ પરમાર | ૧૬–૧–૨૦૨૩ | ૧૬–૧–૨૦૨૩ | ભારતીય દંડ સંહિતા ની કલમ–૨૭૯, ૩૩૭, ૩૩૮ તથા મો.વી. એકટ ની કલમ–૧૭૭, ૧૮૪ | વિશ્વસનીય પુરાવાના અભાવે છોડી મુકયા | – | – |

**:: નમુનો –ક ::**

**ફરીયાદી/બચાવ/ન્યાયાલયનાં સાક્ષીની યાદી તથા દસ્તાવેજી પુરાવા**

**અ. ફરીયાદપક્ષ**

| અ.નં. | આંક | વિગત | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| ૧ | ૭ | ગુનાવાળી જગ્યાનુ પંચનામુ | – |
| ૨ | ૮ | હાર્દીકભાઇનુ સારવાર સર્ટી | – |
| ૩ | ૯ | હાર્દીકભાઇનુ ઇન્જરી સર્ટીફીકેટ | – |
| ૪ | ૧૩ | સાહેદ જોરુભાઇ સુખાભાઇ ભરવાડ | સાહેદ |
| ૫ | ૧૪ | સાહેદ હરીભાઇ લાલાભાઇ ભરવાડ | સાહેદ |
| ૬ | ૧૫ | સાહેદ ભરતભાઇ પસાભાઇ | સાહેદ |
| ૭ | ૧૬ | સાહેદ ગંભીરસીહ ઘનશ્યામસીહ | સાહેદ |
| ૮ | ૨૦ | ફરીયાદી હાર્દીકભાઇ કલાભાઇ | ફરીયાદી |
| ૯ | પી.૧ | ફરીયાદ | – |
| ૧૦ | ૨૨ | સાહેદ કલાભાઇ લવજીભાઇ | સાહેદ |
| ૧૧ | ૨૩ | સાહેદ ધર્મેશભાઇ ઇચ્છાભાઇ | સાહેદ |
| ૧૨ | ૨૪ | ત.ક.અ. મહેન્દ્રકુમાર કનુભાઇ | ત.ક.અ. |

**જ્યુડી.મેજી.ફ.ક.માતર** **(નરેન્દ્રકુમાર)**

**કોડ:જીજે.૦૧૪૪૦**

# :: જ જ મે ન્ટ ::

**(૧) કેસની ટુંકી હકીકત :–**

ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત જોઇએ તો, આ કામના આરોપીએ તા.૧૩–૦૧–૨૦૨૩ ના રોજ કલાક ૧૩/૪૫ સુમારે મોજે પાલ્લા બ્રીજ ઉપર આવેલ વળાંકમા પોતાની ઇન્ટાસ કંપનીની લકજરી બસ નં.જીજે.૦૧.ડી.ઝેડ.૮૭૦૬ ની બેફીકરાઇ અને ગફલત ભરી રીતે પુરઝડપે હંકારી સામેથી આવતી ફરીયાદીની મો.સા. નં.જીજે.૨૩.ડી.એન.૮૪૫૮ ને રોંગ સાઇડે જઇ ટકકર મારી એકસીડન્ટ કરી ફરીયાદીને જમણા પગે ઢીંચણ ઉપર ગંભીર ઇજાઓ કરી જમણો પગ ઓપરેશન દરમ્યાન ઢીચણના ભાગેથી કાપી નાંખી કાયમી ખોડ ખાપણ કરી તેમજ શરીરે વતાઓછા પ્રમાણમાં ઇજાઓ કરી ગુનો કરતા આ કામના ફરીયાદીએ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોધાવતા પોલીસ ગુનો નોધી તપાસના અંગે હાલનાં આરોપી વિરુઘ્ધ ચાર્જસીટ રજુ કરેલ છે.

**(૨) ન્યાયીક કાર્યવાહી :–**

આ કામના આરોપી સામે ચાર્જસીટ રજુ થતાં આરોપી સામે ઉપરોકત ગુન્હાનુ સંજ્ઞાન લઇ, આરોપીને સમન્સ/વોરંટ ધોરણસર બજી જતાં જેના અનુસંધાને આરોપી અત્રેની અદાલતમાં હાજર થયેલ. ત્યાર બાદ આરોપીને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૩૦ મુજબ ચાર્જસીટ તથા તમામ પોલીસ પેપર્સની નકલો મળી ગયેલ હોવાની ખાત્રી કર્યા બાદ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૬૩ અન્વયે ગુના અંગેની સમજ કરી, આરોપીનો **આંક–3** થી ગુના અંગેનો જવાબ નોધતા,તેમાં આરોપીએ 'મને ગુનો કબુલ નથી' તેમ જણાવતા, સદર કામ આગળની ઇન્સાફી કાર્યવાહી સારુ રાખવામાં આવેલ.

**(૩) બચાવપક્ષનો પુરાવો :–**

ત્યાર બાદ આ કામે ફરીયાદપક્ષ તરફે વધુ કોઇ વિશેષ પુરાવો રજુ

થયેલ નથી. આ કામે રજુ થયેલ ફરીયાદપક્ષના પુરાવા લક્ષમાં લેતા આરોપીનું ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ અન્વયે વિશેષ નીવેદન નોધવામાં આવેલ છે.

**(૪) દલીલો ::**

આ કામે ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રીની તથા આરોપી તરફે તેમના વિ.વ.શ્રીની મૌખીક દલીલો સાંભળી.

(૫) ઉપર મુજબની રૂપરેખા ધરાવતા આ કાસના આખરી નિકાલ સારુ મારી સમક્ષ નીચે મુજબના મુદાઓ ઉપસ્થિત થાય છે.

**:: મુદાઓ ::**

*(૧) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ તા.૧૩–૦૧–૨૦૨૩ ના રોજ કલાક ૧૩/૪૫ સુમારે મોજે પાલ્રા બ્રીજ ઉપર આવેલ વળાંકમા પોતાની ઇન્ટાસ કંપનીની લકજરી બસ નં.જીજે.૦૧.ડી.ઝેડ.૮૭૦૬ ની બેફીકરાઇ અને ગફલત ભરી રીતે પુરઝડપે હંકારી સામેથી આવતી ફરીયાદીની મો.સા. નં.જીજે.૨૩.ડી.એન.૮૪૫૮ ને રોંગ સાઇડે જઇ ટકકર મારી એકસીડન્ટ કરી ફરીયાદીને જમણા પગે ઢીંચણ ઉપર ગંભીર ઇજાઓ કરી જમણો પગ ઓપરેશન દરમ્યાન ઢીચણના ભાગેથી કાપી નાંખી કાયમી ખોડ ખાપણ કરી તેમજ શરીરે વતાઓછા પ્રમાણમાં ઇજાઓ કરી ભારતીય દંડ સંહિતાની કલમ–૨૭૯, ૩૩૭, ૩૩૮ તથા મો.વી.એકટની કલમ–૧૭૭, ૧૮૪ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે.?*

*(૨) શું હુકમ ?*

(૬) ઉપરોકત મુદાઓ પરત્વેના મારા નિર્ણય નીચે મુજબ છે.

**:: નિર્ણયો ::**

૧. નકારમાં,

૨. આખરી હુકમ મુજબ

**:: કારણો ::**

(૭) ફરીયાદપક્ષે આંક–૧૩ થી સાહેદ જોરુભાઇ સુખાભાઇ ભરવાડ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ બે અઢી વર્ષ અગાઉ સાંજનાં સમયે પાલ્લા ગામના પુલના છેડે બનેલો. તે સમયે તેઓ ઘરે હતા તે વખતે ભરતભાઇનો ફોન આવેલ અને જણાવેલ કે, અકસ્માત થયેલ છે અને તમને આવો. જેથી તેઓ ત્યાં ગયેલા અને જોયેલ તો એક લકઝરી અને બાઇકવાળાને અકસ્માત થયેલ અને તે બાઇકવાળા ભાઈ કોઈ પરમાર હતા અને લકઝરી ભલાડા કોન્ટ્રાકટર ની હતી અને ડ્રાઈવર પણ ભલાડાના હતા અને બાઇકવાળાને ઈજાઓ થતાં ૧૦૮ માં હોસ્પીટલમા લઈ ગયેલા. તેઓને બાઈક તથા લકઝરીનો નંબર ખબર નથી. આ અકસ્માત લકઝરીવાળાએ બાઈકને પાછળથી અથડાવી દીધેલ જેથી થયેલો. બનાવ બાબતે પોલીસે જવાબ લીધેલ. વધુમાં સાહેદ ફરી ગયેલા જાહેર કર્યા બાદ જણાવેલ છે કે, લકઝરી બસનો નંબર જોયેલ તો જીજે.૦૧.ડી.ઝેડ.૮૭૦૬ નો હતો અને બાઇકનો નંબર જીજે.૨૩.ડી.એન.૮૪૫૮ નો હતો.

સદર સાહેદની બચાવપક્ષના વિ.વ.શ્રી ધ્વારા કરવામા આવેલ ઉલટ તપાસમાં એ હકીકત કબુલ કરેલ છે કે, અકસ્માતનો બનાવ નજરે જોયેલ નથી, જેથી કોની ભુલથી અકસ્માત થયેલ તે ચોકકસ કહી શકે નહી. વાનનો નંબર વાતો વાતથી ખબર પડેલી.

(૭.૧) આંક–૧૪ થી સાહેદ હરીભાઇ લાલાભાઇ ભરવાડ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ બે વર્ષ અગાઉ સાંજના ચાર પાંચ વાગ્યાના સમયે પાલ્લા ગામના પુલના છેડે બનેલો. તે સમયે તેઓ ત્યાં હાજર હતા અને જોયેલ તો એક લકઝરી અને બાઈકવાળા સામસામા અથડાયેલા. લકઝરી બસ પાલ્લા બાજુ જતી હતી અને બાઇકવાળા ભાઈ વૌઠા બાજુ જતા હતા અને લકઝરી બસવાળાએ બાઇકવાળાને ટકકર મારેલી. જેના કારણે બાઇકવાળાના પગ લબડતો હતો અને તેઓએ લકઝરીવાળાને ઉભો

રાખેલ અને તેઓએ ડ્રાઈવરને જણાવેલ કે ઈજા પામનારનુ કઇક સમજો અને બાઇકવાળાને ઈજા જતા ૧૦૮ માં હોસ્પીટલ લઇ ગયેલા. તેઓને બાઇક તથા લકઝરીનો નંબર ખબર નથી. આ લકઝરીવાળા ઇન્ટેક્ષ કંપનીની હતી તેના ડ્રાઈવરને જોયેથી ઓળખી શકે જે કોર્ટમાં હાજર નથી. આ અકસ્માત ટર્નીગ ઉપર થયેલો અને બંને વાહનો ધીમા હતા. બનાવ અંગે પોલીસે જવાબ લીધેલો.

સદર સાહેદની બચાવપક્ષના વિ.વ.શ્રી ધ્વારા કરવામા આવેલ ઉલટ તપાસમાં એ હકીકત કબુલ કરેલ છે કે, બનાવ બનેલ ત્યારે હોટલ બેઠેલ હતા, અકસ્માતનો અવાજ થતા ખબર પડતા માણસો ભેગા થતા તેઓ ત્યાં ગયેલા.

(૭.૨) આંક–૧૫ થી સાહેદ ભરતભાઇ પસાભાઇ બારૈયા તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ બે વર્ષ અગાઉ સાંજના ચાર પાંચ વાગ્યાના સમયે પાલ્લા ગામના પુલના છેડે બનેલો. તે સમયે તેઓ ખેતરમાં હાજર હતા, અકસ્માતવાળી જગ્યા ખેતરની બાજુમાં આવેલ છે અને ત્યાં આગળ માણસો ભેગા થયેલા જેથી ત્યાં ગયેલા અને જોયેલ તો એક લકઝરી અને બાઇકવાળાનો અકસ્માત થયેલો અને બાઇક ચાલકને વધારે ઇજાઓ થયેલી. બાદમાં તેઓ ગામના સરપંચ જોરુભાને ફોન કરેલો અને તેઓ આવી જતા બાઇકવાળાને ઇજાઓ થતાં ૧૦૮ મા હોસ્પીટલમાં લઇ ગયેલા. તેઓ લકજરી બસના ડ્રાઈવરને જોયેથી ઓળખી શકે જે કોર્ટમાં હાજર નથી. બનાવ બાબતે પોલીસે જવાબ લીધેલો.

સદર સાહેદની બચાવપક્ષના વિ.વ.શ્રી ધ્વારા કરવામા આવેલ ઉલટ તપાસમાં એ હકીકત કબુલ કરેલ છે કે, બનાવ બન્યો ત્યારે તેઓ ખેતરમા કામ કરતા હતા અને અકસ્માતનો અવાજ થતા ખબર પડતા માણસો ભેગા થતા તેઓ ત્યાં ગયેલા. બનાવ કેવી રીતે બનેલ તેની ખબર નથી. ગાડીનો ડ્રાઈવરના લોકોએ વાતો વાતથી જણાવેલ એટલા માટે તેઓ ઓળખે છે.

(૭.૩) આંક–૧૬ થી સાહેદ ગંભીરસીહ ઘનશ્યામસીહ ડોડીયા તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ દોઢ વર્ષ પહેલા વૌઠા બ્રીજ ઉપર બપોરના સમયે બનેલો. તે સમયે તેઓ તેમની ઓફીસ ઉપર હાજર હતા તે વખતે સ્થળ ઉપર તેમને ફોન આવેલ અને જણાવેલ કે તમારી બસને અકસ્માત થયેલ છે તમે આવો. જેથી તેઓ સ્થળ ઉપર ગયેલ તો જાણવા મળેલ કે, બસ અને ડ્રાઈવરને લીંબાસી પો.સ્ટે. લઈ ગયેલ છે તેથી તેઓ પો.સ્ટે. ગયેલો. બનાવ બાબતે જાણવા મળેલ તો બાઈક અને લકજરી બસ વચ્ચે અકસ્માત થયેલો જેમા બાઈક ચલાવતા હતા તે ભાઈને ઈજાઓ થયેલી. આ અકસ્માત વળાંકમાં થયેલો બસ જતી હતી અને સામેથી બાઈક ફુલ સ્પીડમાં આવતા તેનાથી કન્ટ્રોલ નહી થતા અકસ્માત થયેલ. તેમની બસના ડ્રાઈવર અમૃતભાઈ હતા તે હાજર છે. બસનો નં.જીજે.૦૧.ડી.ઝેડ.૮૭૦૬ નો હતો. પોલીસે બનાવ બાબતે જવાબ લીધેલો.

સદર સાહેદની બચાવપક્ષના વિ.વ.શ્રી ધ્વારા કરવામા આવેલ ઉલટ તપાસમાં એ હકીકત કબુલ કરેલ છે કે, બનાવ તેઓએ નજરે જોયેલ નથી.

(૭.૪) આંક–૨૦ થી ફરીયાદી હાર્દીકભાઈ કલાભાઈ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ આજથી અઢી ત્રણ વર્ષ અગાઉ બપોરના સમયે પાઘ્રા બ્રિજ પાસે બનેલો. તેઓ બાઈક લઈને વાસણા થી આમોદ જતા હતા. બાઈક તેઓ ચલાવતા હતા. બ્રિજ ઉતરતા વળાંક વળતા સામેથી એક લકઝરી બસ આવીને તેમના જમણા પગના ઢીંચણ સાથે અથડાવેલ જેથી બાઈક સાથે નીચે પડી ગયેલ. તેઓ ત્યાં બે કલાક રોડ ઉપર પડેલો. ત્યા આગળ આજુબાજુના માણસો આવી જતા અને ૧૦૮ આવી જતા તેઓને ખેડા સીવીલ હોસ્પીટલ લાવેલા અને તેમના પપ્પાને અકસ્માત વિશે જાણ કરેલ અને તેઓને ખેડા થી અમદાવાદ સીવીલ હોસ્પીટલ લઈ

ગયેલા. તેમનો જમણો પગ ઢીંચણથી કાંપી નાંખેલ અને ઓપરેશન કરેલ. આ અકસ્માત કરનાર લકઝરી બસનો નંબર ખબર નથી. પરંતુ તે બસ સ્ટાફ બસ હતી. તેઓ તેના ચાલકને જોયેથી ઓળખી શકે. તે ના.કોર્ટમાં હાજર છે તે જ છે. બસ કેવી ગતિએ આવેલ તે બહુ ખાસ ખબર નથી. બનાવ અંગેની ફરીયાદ સીવીલ હોસ્પીટલમાં આપેલી. તેઓને ફરીયાદ બતાવવામાં આવે છે તેમા તેમની સહી છે જે ઓળખે છે જેને આંક–પી.૧ આપવામાં આવે છે. સદર સાહેદ ફરીયાદ હકીકતને સમર્થન કરતા ન હોય ફરી ગયેલા જાહેર કરવામા આવેલ છે ત્યાર બાદ ફરીયાદપક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસમાં એ હકીકત કબુલ કરેલ છે કે, બસના ચાલકે પુર ઝડપે ચલાવી તેમની સાઈડે ટર્ન મારતા અકસ્માત કરેલો.

સદર સાહેદની બચાવપક્ષના વિ.વ.શ્રી ધ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં એ હકીકત કબુલ કરેલ છે કે, પાલ્લા બ્રીજ ઉપર ચઢે તો ચઢાણ (ઢાળ) આવેલ છે. ચઢાણ ઉતર્યા પછી વળાંક આવેલ છે. તેઓની બાઇકની સ્પીડ ૬૦ જેટલી હતી. તેઓ દવાખાનામાં ગયેલા અને ડોકટરે બેભાન કરતા તેઓ બેભાન થયેલા.

(૭.૫) આંક–૨૨ થી સાહેદ કલાભાઇ લવજીભાઇ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ ૩ વર્ષ પહેલા વૌઠા બ્રિજ ઉપર બપોરના સાડા બાર એક વાગ્યાની આસપાસ બનેલો. તેમનો દીકરો હાર્દીક બનાવ સમયે બાઇક લઇને ચાંચરવાડી થી આમોદ જતો હતો. બ્રિજના વળાંકમાં લકઝરી વાળાએ તેમના દીકરાના બાઇક સાથે અકસ્માત કરેલો. તે સમયે તેઓ ઘરે હતા અને તેમના ઉપર આજુબાજુવાળા લોકોનો ફોન આવેલ અને જણાવેલ કે તમારા દીકરાને અકસ્માત થયેલ છે. જેથી તેઓ અને તેમના જમાઇ સ્થળ ઉપર આવેલા તો તેમના દીકરાને ૧૦૮ વાળા ખેડા હોસ્પીટલ લઇ ગયેલા હતા. સ્થળ ઉપર લોહી તેમજ તેમના દીકરાના ચંપલ પડેલા જોયેલા અને સ્થળ ઉપર તેમના દીકરાનુ બાઇક અને લકઝરી બસ

પડેલ હતા.ત્યારબાદ તેઓ ખેડા સીવીલ હોસ્પીટલ આવેલા અને તેમના દીકરાનો જમણો પગ કપાઇ ગયેલો હોવાથી વધુ સારવાર અર્થે અમદાવાદ સીવીલ હોસ્પીટલ લઇ ગયેલા. બનાવ વિશે તેમના દીકરાને પુછતા જણાવેલ કે '' હુ પણ ફાસ્ટ (સ્પીડ) મા હતો અને બસ વાળો પણ ફાસ્ટ (સ્પીડ) મા હતો અને વળાંકમા આ અકસ્માત થયેલો. બસનો નંબર જાણવા મળેલ નહી. બસના ચાલક વિશે પણ જાણવા મળેલ નહી. આ બસ ઈન્ટાસ કંપનીની હતી તેવુ જાણવા મળેલ. બનાવ અંગે પોલીસે જવાબ લીધેલ. સદર સાહેદ પોલીસ નીવેદનની હકીકતને સમર્થન કરતા ના હોય ફરી ગયેલા જાહેર કરવામા આવેલ અને ત્યાર બાદ ફરીયાદપક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસમાં પણ કોઇ ફળદાયી હકીકત જણાવેલ નથી.

સદર સાહેદની બચાવપક્ષના વિ.વ.શ્રી ધ્વારા કરવામા આવેલ ઉલટ તપાસમાં એ હકીકત કબુલ કરેલ છે કે, બનાવ તેઓએ નજરે જોયેલ નથી.

(૭.૬) આંક–૨૩ થી સાહેદ ધર્મેશભાઇ ઇચ્છાભાઇ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ ૩ વર્ષ પહેલા વૌઠા–પાલ્લા બ્રિજ ઉપર બનેલો. બનાવ સમયે ઘરે હતા તે સમયે બપોરના સમયે તેમના ઉપર તેમના સસરા કલાભાઇનો ફોન આવેલ કે હાર્દીકને અકસ્માત થયેલ છે જેથી તેઓ અને તેમના સસરા અકસ્માત વાળા સ્થળ ઉપર આવેલા તો હાર્દીકને ૧૦૮ વાળા ખેડા હોસ્પીટલ લઇ ગયેલા હતા. સ્થળ ઉપર સ્ટાફ બસ પડેલી હતી. ત્યાથી તેઓ ખેડા સીવીલ હોસ્પીટલ આવેલા અને હાર્દીકને જમણા પગે ગંભીર ઈજા થતા વધુ સારવાર અર્થે અમદાવાદ સીવીલ હોસ્પીટલ લઇ ગયેલા. બનાવ અંગે હાર્દીકને પુછતા હાર્દીકએ જણાવેલ કે કેવી રીતે અકસ્માત થયેલ તેની મને ખબર નથી. હાર્દીક બાઇક લઇને તેના ભાઇને લેવા આમોદ જતા હતા. બસનો નંબર જાણવા મળેલ નહી. બસના ચાલક વિશે પણ જાણવા મળેલ નહી. આ બસ ઈન્ટાસ

કંપનીની હતી તેવુ જાણવા મળેલ. બનાવ અંગે પોલીસે જવાબ લીધેલ. સદર સાહેદ પોલીસ નીવેદનની હકીકતને સમર્થન કરતા ના હોય ફરી ગયેલા જાહેર કરવામા આવેલ અને ત્યાર બાદ ફરીયાદપક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસમાં પણ કોઇ ફળદાયી હકીકત જણાવેલ નથી.

સદર સાહેદની બચાવપક્ષના વિ.વ.શ્રી ધ્વારા કરવામા આવેલ ઉલટ તપાસમાં એ હકીકત કબુલ કરેલ છે કે, બનાવ નજરે જોયેલ નહી.

(૭.૭) આંક–૨૪ થી ત.ક.અ. મહેન્દ્રકુમાર કનુભાઇ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, સને ૨૦૨૩ ની સાલમાં લીંબાસી પો.સ્ટે.માં હે.કો તરીકે ફરજ બજાવતા હતા. તા.૧૩/૧/૨૩ ના કલાક ૧૫–૨૦ વાગે પો.સ્ટે.માં ખેડા સીવીલ હોસ્પીટલમાંથી ડો.આર.એમ. ઉછડીયા નાએ ટેલીફોન વર્ધી લખાવેલ. તે ટેલીફોન વર્ધી પો.સ્ટે.ના પી.એસ.ઓ. મહેન્દરસિંહ માનસિંહ નાએ લખી લીધેલ. ત્યારબાદ આગળની કાર્યવાહી માટે સોંપેલ. તે ટેલીફોન વર્ધીમાં તેમની સહી છે જે ઓળખે છે જેને આંપ–પી.૨ આપવામાં આવે છે. ત્યારબાદ તેઓએ તા.૧૪/૧/૨૩ ના રોજ અમદાવાદ સીવીલ હોસ્પીટલ જઇને ઈજા પામનાર હાર્દીકભાઇ કલાભાઇ ની ફરીયાદ લીધેલી. ત્યારબાદ સદર ફરીયાદ ગુનો રજીસ્ટર કરવા પી.એસ.ઓ. તરફ મોકલી આપેલ. તેઓએ ફ.ગુના નં. ૦૦૮/૨૩ થી ગુનો રજીસ્ટર કરી આગળની તપાસ તેઓને સોંપેલી જે ડેપ્યુટ હુકમને આંક–પી.૩ આપવામાં આવેલ છે. ત્યારબાદ તેઓએ તા.૧૪/૧/૨૩ ના રોજ કલાક ૧૫–૧૫ થી ૧૫–૪૫ સુધીનુ પંચો રૂબરૂ ગુનાવાળિ જગ્યાનું પંચનામુ કરેલુ. તેઓને આંક–૭ વાળું પંચનામુ બતાવવામાં આવે છે તેમા રૂબરૂ પંચોની સહી છે જે ઓળખે છે. ત્યારબાદ લાગતા વળગતા સાહેદોના નીવેદનો લીધેલા. ઈજા પામનાર સાહેદોના મેડી.સર્ટી મેળવેલા. આરોપી વિરૂધ્ધ પુરતો

પુરાવો હોઇ નામદાર કોર્ટમા ચાર્ઝશીટ કરેલ. આરોપી ના.કોર્ટમા હાજર છે તે જ છે.

સદર સાહેદની બચાવપક્ષનાં વિ.વ.શ્રી ધ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં એ હકીકત કબુલ કરેલ છે કે, બનાવવાળી જગ્યા ઉતરતા વળાંક આવેલો છે.

**પુરાવાનુ મુલ્યાંકન ::**

(૮) હવે આક્ષેપિત ગુનો સાબીત કરવા માટેનાં જે આવશ્યક તત્વો છે તે જોવામાં આવે તો આંક-૧૩ થી સાહેદ જોરુભાઇ સુખાભાઇ ભરવાડ નો પુરાવો વંચાણે લેતાં તેઓએ બનાવ હકીકત જણાવેલ છે અને સરતપાસમાં બાઇક કે લકજરીનો નંબર જણાવતા નથી. સરકાર પક્ષે ફરી ગયેલા જાહેર કર્યા બાદ લકજરી અને બાઇકનો નંબર જણાવેલ છે. સદર સાહેદની ઉલટ તપાસ જોતાં અકસ્માતનો બનાવ નજરે જોયેલ નથી જેથી કોની ભુલથી અકસ્માત થયેલ તે ચોકકસ કહી શકે નહી. વાહનનો નંબર વાતો વાતથી ખબર પડેલ. આમ,સદર સાહેદે બનાવ નજરે જોયેલ નથી અને વાહનનો નંબર વાતો વાતથી ખબર પડેલ હોય ત્યારે સદર સાહેદની હાજરી બનાવ સ્થળે સાબીત થતી ના હોય સદર સાહેદના પુરાવા પર આધાર રાખી શકાય નહી.

આંક-૧૪ થી સાહેદ હરીભાઇ લાલભાઇ ભરવાડનો પુરાવો વંચાણે લેતાં તેઓએ બનાવ હકીકત જણાવી બનાવ સ્થળે તેઓ ત્યાં હાજર હતા અને તેઓએ જોયેલ તો એક લકજરી અને બાઇકવાળા સામસામા અથડાયેલા. લકજરી અને બાઇકનો નંબર ખબર નથી. લકજરી ચાલકને ઓળખી શકે. અકસ્માત સમયે બંને વાહનો ધીમા હતા. જયારે ઉલટ તપાસમાં બનાવ બનેલ ત્યારે તેઓ હોટલે બેઠા હતા અને અકસ્માતનો અવાજ થતા ખબર પડતા માણસો ભેગા થતા તેઓ ત્યાં ગયેલા. આમ, સાહેદ સરતપાસમાં બનાવ સમયે ત્યા હાજર હતા તેમ જણાવે છે જયારે ઉલટ તપાસમાં હોટલે બેઠા હતા તેવી હકીકત જણાવે છે. આમ સાહેદના પુરાવામાં

વિરોધાભાસ જોવા મળતો હોય સદર સાહેદના પુરાવાથી ફરીયાદપક્ષને સમર્થન મળે છે તેમ માની શકાય નહી.

આંક–૧૫ થી સાહેદ ભરતભાઇ પસાભાઇ બારૈયા નો પુરાવો વંચાણે લેતા બનાવની હકીકત જણાવેલ છે. બનાવ સમયે ખેતરમા હતા. બસ તેમજ બાઇકનો નંબર જોયેલ નથી. નંબર જાણવા મળેલ નહી. જયારે ઉલટ તપાસમાં બનાવ સમયે તેઓ ખેતરમાં કામ કરતા હતા અને અવાજ થતા ખબર પડતા માણસો ભેગુ થતા તેઓ ત્યાં ગયેલા. બનાવ કેવી રીતે બનેલ તે ખબર નથી. ગાડીના ચાલકને લોકોએ વાતો વાતથી જણાવેલ એટલા માટે ઓળખે છે. આમ સદર સાહેદ બનાવ સમયે બનાવવાળા સ્થળે હાજર ન હતા અને બનાવ કેવી રીતે બનેલ તેની ખબર નથી તેમજ ગાડીના ચાલકની જાણ વાતો વાતથી થયેલ હોય ત્યારે સદર સાહેદ સાંભળેલો પુરાવો આપતા હોય તેઓના પુરાવા પર આધાર રાખી શકાય નહી.

આંક–૧૬ થી સાહેદ ગંભીરસીહ ઘનશ્યામસીહ નો પુરાવો વંચાણે લેતાં બનાવ સમયે તેઓ ઓફીસે હાજર હતા અને બનાવની જાણ ફોનથી થયેલી. અકસ્માત વળાંકમાં થયેલો બસ જતી હતી અને સામેથી બાઇક ફુલ સ્પીડમાં આવતા જે કંન્ટ્રોલ ના થતા અકસ્માત થયેલો. બસનો નં.જીજે.૦૧.ડીઝેડ.૮૭૦૬ નો હતો. જયારે ઉલટ તપાસમાં બનાવ નજરે જોયેલ નથી. આમ સદર સાહેદ બનાવ સમયે તેમની ઓફીસમા હાજર હોય બનાવ નજરે જોયેલ ના હોય સદર સાહેદના પુરાવા પર આધાર રાખી શકાય નહી.

આંક–૨૦ થી ફરીયાદી હાર્દીકભાઇ કલાભાઇ નો વંચાણે લેતાં તેઓએ બનાવ હકીકત જણાવેલ છે અને બનાવમાં તેઓને લકજરી બસ આવીને તેમના જમણા પગના ઢીંચણ સાથે અથડાવેલ જેથી બાઇક સાથે નીચે પડી ગયેલ. તેઓને સારવાર માટે ખેડા લઇ ગયેલા. બાદમાં તેમના પપ્પાને બનાવની જાણ કરેલી. તેમનો જમણો પગ ઢીંચણથી કાંપી નાંખેલ અને ઓપરેશન કરેલ. લકજરી

બસનો નંબર ખબર નથી પરંતુ સ્ટાફની બસ હતી. તેના ચાલકને જોયે ઓળખી શકે. બસ કેવી ગતિમાં આવેલી તે ખબર નથી. બનાવ બાબતે ફરીયાદ આપેલી. ફરીયાદપક્ષે ફરી ગયેલા જાહેર કર્યા બાદ બસના ચાલકે પુર ઝડપે ચલાવી તેમની સાઈડે ટર્ન મારતા અકસ્માત કરેલો. જયારે ઉલટ તપાસમાં સુચક પ્રશ્નોનો ઈન્કાર કરેલ છે અને તેઓ દવાખાનામાં ગયેલા અને ડોકટરે બેભાન કરેલા ત્યારે બેભાન થયેલા. આમ સદર ફરીયાદીની ફરીયાદ, તેમનો પુરાવો વંચાણે લેતાં બસનો નંબર જણાવેલ છે પરંતુ તેના ચાલકનુ નામ કે તેઓનુ કોઈ વર્ણન જણાવેલ નથી. વધુમાં બનાવ બાદ તેમને ઈજા થતાં સારવાર માટે ખેડા અને બાદમાં અમદાવાદ સીવીલ લઇ ગયેલા અને ત્યાં તેઓનો પગ ઢીંચણથી કાંપી નાંખવામાં આવેલ આમ, સદર સાહેદે ખેડા દવાખાને તથા અમદાવાદ સીવીલ હોસ્પીટલમા સારવાર લીધેલ હોય ત્યાં આગળ ડોકટર રુબરુ પણ આરોપીનુ નામ કે તેમનુ વર્ણન જણાવેલ નથી. વધુમાં સરતપાસમાં બસનો નંબર જણાવેલ નથી પરંતુ આંક–પી.૧ વાળી ફરીયાદમાં જણાવેલ છે. આમ સરતપાસ અને ફરીયાદમાં વિરોધાભાસ જોવા મળે છે. આમ સદર બનાવમાં વાહન લકજરી બસનો નંબર રેકર્ડ પર આવેલ છે પરંતુ તેના ચાલકનુ નામ કે વર્ણન જણાવતા ના હોય સદર બનાવમાં હાલના આરોપીની હાજરી પુરવાર થતી ના હોય સદર ફરીયાદીનાં પુરાવા પર આધાર રાખી શકાય નહી.

આંક–૨૨ થી સાહેદ કલાભાઈ લવજીભાઈ નો પુરાવો વંચાણે લેતાં બનાવ સમયે તેઓ ઘરે હતા અને ફોન થી બનાવની જાણ થયેલી. તેમના દીકરાને ઈજા થયેલી હોય ખેડા સીવીલ હોસ્પીટલ લાવેલા અને બાદમાં અમદાવાદ સીવીલ હોસ્પીટલ લઈ ગયેલા. બનાવ અંગે તેમના દીકરાને પુછતા તેમના દીકરાએ જણાવેલ કે હુ પણ ફાસ્ટ (સ્પીડ)મા હતો અને બસ વાળો પણ ફાસ્ટ સ્પીડમાં હતો અને વળાંકમાં આ અકસ્માત થયેલો. બસનો નંબર કે ચાલક

વિશે જાણવા મળેલ નહી. સદર સાહેદ હોસ્ટાઇલ જાહેર થયેલ છે. જયારે ઉલટ તપાસમાં બનાવ તેઓએ નજરે જોયેલ નથી. આમ સાહેદના પુરાવામાં તેમનો દીકરો અને બસ બંને સ્પીડમાં આવતા અકસ્માત થયેલાની હકીકત જણાવેલ છે તેમજ બનાવ નજરે જોયેલ નથી. આમ  સદર બનાવમાં તેમના દીકરા અને બસ ચાલક બંને સ્પીડમાં આવતા અકસ્માત બનેલાનુ માનવાને કારણ રહેલ છે. આમ સદર સાહેદે બનાવ નજરે જોયેલ ના હોય સાંભળેલો પુરાવો આપતા હોય સદર સાહેદના પુરાવા પર આધાર રાખી શકાય નહી.

આંક–૨૩ થી સાહેદ ધર્મેશભાઇ ઇચ્છાભાઇ નો પુરાવો વંચાણે લેતાં બનાવ સમયે તેઓ ઘરે હતા અને ફોન આવતા બનાવની જાણ થયેલી. બનાવમાં હાર્દીકને ઇજા થતા સારવાર માટે ખેડા અને બાદમાં અમદાવાદ સીવીલ હોસ્પીટલ લઇ ગયેલા. બનાવ અંગે હાર્દીકે જણાવેલ કે કેવી રીતે અકસ્માત થયેલ તેની ખબર નથી. બસનો નંબર કે તેના ચાલક વિશે જાણવા મળેલ નહી. સદર સાહેદ હોસ્ટાઇલ જાહેર થયેલ છે. જયારે ઉલટ તપાસમાં બનાવ નજરે જોયેલ નથી તેમ જણાવેલ છે. આમ  સદર સાહેદ બનાવ સમયે ઘરે હાજર હતા જેથી બનાવ નજરે જોયેલ નથી તેમજ હાર્દીકને બનાવ બાબતે પુછતા બનાવ કેવી રીતે બનેલ તેની ખબર નથી તેવી હકીકત પુરાવામાં જણાવતા હોય ત્યારે સદર સાહેદ બનાવ તારીખે, સમયે અને સ્થળે બનાવ વાળી જગ્યાએ હાજર ન હોય સાંભળેલો પુરાવો આપતા હોય સદર સાહેદના પુરાવા પર આધાર રાખી શકાય નહી.

આંક–૨૪ થી ત.ક.અ. મહેન્દ્રકુમાર કનુભાઇનો પુરાવો વંચાણે લેતાં તેઓએ તેમની ફરજના ભાગરુપે કરેલ કાર્યવાહીનો પુરાવો આપેલ છે. વધુમાં ફરીયાદી તથા સાહેદો પોતાના પુરાવામાં ગાડીનો નંબર જણાવે છે પરંતુ ગાડીના ચાલક વિશેની કોઇ જ હકીકત જણાવતા નથી. આમ, સદર ફરીયાદી તથા સાહેદોની

જુબાનીથી ફરીયાદપક્ષનાં કેસને મદદરૂપ થાય તેવો પુરાવો મળી આવેલ નથી. વધુમાં તપાસના કામે કોઈ સીસી ટીવી ફુટેજ રેકર્ડ પર આવેલ નથી તેમજ ફરીયાદીએ તેમના પુરાવામાં આરોપીનુ કોઈ વર્ણન કરેલ નથી કે સારવાર કરનાર ડોકટર રુબરુ પણ કોઈ આરોપીનુ નામ કે વર્ણન કરેલ નથી. વધુમાં આ કામે રજુ થયેલ દસ્તાવેજી પુરાવા બનાવ બાદની સ્થિતિ દર્શાવતો હોય હોય તે આધારે હાલનાં આરોપીને કસુરવાર ઠરાવી શકાય નહી.

(૯) સદર કામે આરોપી સામે આક્ષેપીત ગુનાની ઈપીકો કલમ-૨૭૯, ૩૩૭, ૩૩૮ તથા એમ.વી.એકટની કલમ-૧૭૭, ૧૮૪ વંચાણે લેવી જરુરી હોય જે નીચે મુજબ છે.

**ઇન્ડીયન પીનલ કોડની કલમ-૨૭૯, ૩૩૭, ૩૩૮ ::**

279. **Rash driving or riding on a public way**.—Whoever drives any vehicle, or rides, on any public way in a manner so rash or negligent as to endanger human life, or to be likely to cause hurt or injury to any other person, shall be punished with imprisonment of either description for a term which may extend to six months, or with fine which may extend to one thousand rupees, or with both.

337. **Causing hurt by act endangering life or personal safety of others**.—Whoever causes hurt to any person by doing any act so rashly or negligently as to endanger human life, or the personal safety of others, shall be punished with imprisonment of either description for a term which may extend to six months, or with fine which may extend to five hundred rupees, or with both.

338. **Causing grievous hurt by act endangering life or personal safety of others**.—Whoever causes grievous hurt to any person by doing any act so rashly or negligently as to endanger human life, or the personal

safety of others, shall be punished with imprisonment of either description for a term which may extend to two years, or with fine which may extend to one thousand rupees, or with both.

## <u>ધી મોટર વ્હીકલ એકટની કલમ–૧૭૭ તથા ૧૮૪ નીચે મુજબ છે.</u>

177. **General provision for punishment of offences**.—
Whoever contravenes any provision of this Act or of any rule, regulation or notification made thereunder shall, if no penalty is provided for the offence be punishable for the first offence with fine which may extend to one hundred rupees, and for any second or subsequent offence with fine which may extend to three hundred rupees.

184. **Driving dangerously**.—
Whoever, drives a motor vehicle at a speed or in a manner which is dangerous to the public, having regard to all the circumstances of case including the nature, condition and use of the place where the vehicle is driven and the amount of traffic which actually is at the time or which might reasonably be expected to be in the place, shall be punishable for the first offence with imprisonment for a term which may extend to six months, or with fine which may extend to one thousand rupees, and for any second or subsequent offence if committed within three years of the commission of a previous similar offence with imprisonment for a term which may extend to two years, or with fine which may extend to two thousand rupees, or with both.

આમ, ઉપરોકત આક્ષેપીત ભારતીય દંડ સંહિતાની કલમ–૨૭૯, ૩૩૭, ૩૩૮ તથા એમ.વી.એકટની કલમ–૧૭૭, ૧૮૪ ગુનાના

આવશ્યક તત્વો ફરીયાદપક્ષ પુરવાર કરતા નથી. જેથી હાલનો કહેવાતો બનાવ ફરીયાદપક્ષનાં પુરાવાથી સાબીત થતો નથી તેવુ અત્રેની કોર્ટનુ માનવુ છે. જેથી આરોપી સામેનો કેસ તમામ વ્યાજબી શંકાઓથી પર રહીને પુરવાર કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ ગયેલ છે તેમ માનીને મુદા નં.૧ નો જવાબ નકારમાં આપી, મુદા નં.ર ના જવાબમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**:: આખરી હુકમ ::**

**૧.** આ કામના આરોપી અમૃતભાઈ ઉર્ફે અમો બબુભાઈ પરમાર, રહે.માલાવાડા, ટેકરાવાળુ ફળીયુ, તા.માતર, જી.ખેડા નાને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૭૧ અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ–૨૭૯, ૩૩૭, ૩૩૮ તથા મો.વી.એકટની કલમ–૧૭૭, ૧૮૪ મુજબનાં શિક્ષાપાત્ર ગુનામાંથી વિશ્વસનીય પુરાવાના અભાવે છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે. સદર ચુકાદો આરોપીની ગેરહાજરીમાં જાહેર કરવામાં આવેલ છે.

**૨.** ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૮૧ વંચાણે લેતાં આરોપીએ રજુ રાખેલ ખત તથા જામીન ખત ઠરાવ જાહેર થયાનાં છ મહીના બાદ રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

**તા.૨૫–૦૩–૨૦૨૬**
**માતર**

**(નરેન્દ્રકુમાર)**
**જ્યુડી.મેજી.ફ.ક.માતર**
**જજ કોડ: જીજે.૦૧૪૪૦**